ભિલોડા માર્કેટ યાર્ડ ઘઉંની અધધધ... આવકથી ઉભરાયું

તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

ભિલોડા,તા.૨૭

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ઘઉંની વાવણી ખેડૂતો ધ્વારા ખુબ જ હોશે-હોશે કરાઈ હતી પરંતુ કમોસમી વરસાદ આવતા ખેડુતોને ઘઉંનો ઓછો ભાવ મળી રહ્યો હોવાનું જાણવા મળેલ છે.એક તરફ ખેત મજુરોની હાડમારી સર્જાતાં ઉંચામાં ઉંચા વેતનો ચુકવી ઘઉંની કાપણી કરાવી ખેડુતો હોશે-હોશે ગંજ બજારો તરફ ઘઉંના વેચાણ અર્થે ખેડૂતો આવી રહ્યા છે. ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી(માર્કેટ યાર્ડ)માં નવિન ખેતપેદાશોની અધધધ... ધુમ આવકોથી માર્કેટ યાર્ડ ધમ-ધમી ઉઠ્યું છે. ભિલોડા માર્કેટયાર્ડમાં તા.૨૭/૩/૨૦૧૫ને શુક્રવારના રોજ હરાજી ધ્વારા ખરીદાયેલ ઘઉંની ૨૫૦૦ થી વધુ બોરી આવક થયેલ હોવાનું જાણવા મળેલ છે.ભિલોડા માર્કેટયાર્ડમાં વેપારીઓ ધ્વારા હરાજી દરમ્યાન ઘઉંનો ભાવ રૂા.૨૭૦/- થી રૂા.૪૦૦/- સુધી બોલાતો હતો.ભિલોડા તાલુકાના ખેડુતોને ઘઉંના પોષણક્ષમ ભાવો મળતા આનંદની લાગણી પ્રસરી છે.

ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી ચેરમેન હિતેન્દ્રસિંહ નરપતસિંહ સિસોદીયાના જણાવ્યા મુજબ આ વર્ષે કમોસમી વરસાદ આવતા ઘઉંની ક્વોલીટી બગડી છે.જેના કારણે ઘઉંના ભાવ નીચા જાય છે પણ સારી ક્વોલીટીના ઘઉંના ભાવ ખેડુતોને પોષણક્ષમ મળે છે. ભિલોડા માર્કેટ યાર્ડમાં ટેકાના ભાવે ઘઉં ખરીદ કેન્દ્રનો શુભારંભ કરાયો છે.ખેડુતોને ૨૦ કિલો ઘઉંનો ભાવ રૂા.૨૯૦/- પ્રમાણે મળે છે. ઘઉં મુકવા માટે ગોડાઉનોની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવેલ છે.

આ વર્ષે કાતીલ તીવ્ર ઠંડી સારી પડતાં ઘઉંનું વિક્રમજનક ઉત્પાદન થતાં ઘઉંની વિક્રમી આવકો માર્કેટ યાર્ડોમાં જોવા મળે છે. ભિલોડા, વિજયનગર તાલુકાના અંતરીયાળ ડુંગરાળ ગ્રામ્ય-વિસ્તારોના ખેડૂતોને ખેત ઉત્પાદનોનું વેચાણ કરવા અર્થે વર્ષો પહેલાં અન્ય માર્કેટ યાર્ડોમાં દુર-દુર સુધી જવું પડતું હતું. ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી ચેરમેન પદે હિતેન્દ્રસિંહ સિસોદીયાના અથાગ પ્રયત્નોથી ભિલોડા માર્કેટ યાર્ડની કાયાપલટ થઈ હોવાનું જાગૃત ખેડુતો જણાવી રહ્યા છે. ભિલોડા માર્કેટ યાર્ડમાં દિન-પ્રતિદિન અદ્યતન સુવિધાઓમાં ધરખમ વધારો થયો છે. ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી ચેરમેન હિતેન્દ્રસિંહ નરપતસિંહ સિસોદીયાએ જણાવ્યું હતું કે ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી.ધ્વારા ટેકાના ભાવે ઘઉં ખરીદ કેન્દ્રનો શુભારંભ કરાતાં ખેડુતોને ઘઉંનો ૨૦ કિલોનો ભાવ રૂા.૨૯૦/-પ્રમાણે ભિલોડા માર્કેટયાર્ડમાં ઘઉંની ખરીદી શરૂ છે. ભિલોડા માર્કેટ યાર્ડમાં ઘઉં ખરીદ કેન્દ્રમાં આજ દિન સુધીમાં ૧૨,૦૦૦/-ક્વિન્ટલ ઘઉંની ખરીદી કરેલ છે.

ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી. ભિલોડા કેન્દ્રના કર્મચારીઓ ધ્વારા ઘઉંની ખરીદી ટેકાના ભાવે અવિરતપણે ચાલું હોય છે. અધિકારીઓને ભવ્યાતિભવ્ય સફળતા મળી રહી છે. ઈલે.વે-બ્રીજ વજન કાંટા ઉપર ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી સેક્રેટરી કાન્તીલાલ પંચાલ, અરવિંદભાઈ પંચાલ, વલ્લભભાઈ પટેલ સહિત માર્કેટ યાર્ડના કર્મચારી ગણની દેખરેખ હેઠળ ખેત પેદાશોનું વજન થાય છે. કોઈ પણ જાતની ગેરરીતી ન રહેતાં ખેડુતો ખુશખુશાલ બન્યા છે. ભિલોડા માર્કેટ યાર્ડમાં ઘઉંની વિક્રમજનક આવક થવાને કારણે માર્કેટ યાર્ડ પરીસરમાં ખેડૂતો અને વાહનોના ખડકલાઓથી માર્કેટ યાર્ડ ધમધમી ઉઠ્યું હતું.માર્કેટ યાર્ડના કર્મચારીઓ ધ્વારા ખેતપેદાશોની જાહેર હરાજી દરમ્યાન ખેડૂતોને વધુમાં વધું ઉંચા ભાવો મળે તે માટે તેઓ નિષ્ઠાપુર્વક ફરજ બજાવી સતત ખેડૂતોના હિત માટે પ્રયત્નશીલ રહે છે. દિન-પ્રતિદિન માર્કેટયાર્ડની આવકોમાં ધરખમ વધારો થયેલ છે. ખેડૂતોને માર્કેટ યાર્ડમાં હરાજી દરમિયાન ઘઉંના રૂા.૨૭૦/-થી વધુમાં વધુ રૂા.૪૦૦/- સુધીના પોષણક્ષમ ભાવો મળી રહ્યા હોવાનું જાણવા મળેલ છે. ભિલોડા માર્કેટ યાર્ડમાં હરાજીમાં ભાગ લેતા વેપારીઓ માર્કેટ યાર્ડના કર્મચારીગણને સાથે રાખી ખેતપેદાશોની હરાજી કરતાં હોવાથી ખેડૂતોને સંપુર્ણપણે ન્યાય મળી રહે છે. ભિલોડા, વિજયનગર તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારોમાંથી આવતા ખેડૂતોભાઈઓને ખેતપેદાશોની જાહેર હરાજીથી વેપારીઓ પાક ખરીદતા હોય અને પોષણક્ષમ ઉંચા ભાવો મળતા હોવાથી ઘઉં, મકાઈ, બાજરી, તુવેર, એરંડા, કપાસ તેમજ અનેકવિધ પાકોનું વેચાણ માટે ખેડૂતો વહેલી સવારથી માર્કેટ યાર્ડ પરીસરમાં કતારબધ્ધ લાઈનોમાં ઉભા રહે છે. ભિલોડા માર્કેટ યાર્ડમાં ખેતપેદાશોના ક્વોલીટી પ્રમાણે પોષણક્ષમ ઉંચામાં ઉંચા ભાવો મળી રહેતા હોવાના કારણે ખેડૂત આલમમાં અત્ર-તત્ર-સર્વત્ર આનંદની લાગણી પ્રસરી છે.

ડીસામાં મર્ડરનો આરોપી પોલીસને મુક્કો મારી રફુચક્કર

ડીસા, તા.૨૭

ડીસાનાં ખરડોસણ ગામે એક ઈસમની કુહાડીનાં ઘા મારી ઘાતકી હત્યા કરનાર એક અને જીપડાલા લુંટ કેસમાં સંડોવાયેલા ખુંખાર એવા મર્ડર કેસનો એક આરોપી ૩ પોલીસ કર્મચારીઓને ચકમો આપી અને એકને મુક્કો મારી ફરાર થયો હતો. આ ખુંખાર આરોપી ફરાર થતા રાતભર સમગ્ર બનાસકાંઠા જિલ્લા પોલીસે નાકાબંધી કરી આરોપીને શોધવા ઘનિષ્ઠ તપાસ હાથ ધરી હતી.

આ સનસની ખેજ ક્રાઈમની વિગતો જોઈએ તો ડીસા તાલુકાના ખરડોસણ ગામે ત્રણ માસ અગાઉ એક વ્યકિતની નિર્મમ હત્યા થઈ હતી જે કામમાં ડીસા તાલુકા પોલીસે બે આરોપી દશરથ કેશાજી ઠાકોર તેમજ તેનો ભાઈ હીરાભાઈ કેશાજી ઠાકોર બંને ઝડપાયા હતા. જેમાં પોલીસ તપાસમાં આ આરોપી દશરથે એક જીપડાલું પણ લુંટયું હોવાનું કબુલ્યું હતું. અને પોલીસે તેની પાસેથી લુંટાયેલું જીપડાલું કબજે કર્યુંહતું. અને વધુ તપાસ અર્થે કોર્ટમાંથી રિમાન્ડ મેળવ્યા હતા જો કે રિમાન્ડ દરમિયાન પોલીસના ૩ માણસો આરોપી દશરથ ઠાકોરને તપાસના કામે સરકારી જીપમાં બેસાડી રાજપુર વિસ્તારમાં લઈ ગયા હતા આ વિસ્તારમાં રસ્તો ઉબડ ખાબડ હોઈ જીપની ગતી ધીમે હતી જેનો લાભ લઈ આરોપી દશરથે તેની પાસે બેઠેલા હેડકોન્સ્ટેબલને મુક્કો માર્યો હતો અને તે બાદ ચાલુ જીપમાંથી કુદકો મારી ભાગી છૂટયો હતો જે બાદ પોલીસે મોડે સુધી આરોપી દશરથની શોધખોળ કરી હતી જો કે તે ન મળી આવતા આખરે આ મામલે ડીસા દક્ષિણ પોલિસમાં હેડકોન્સ્ટેબલ અમરતભાઈ એ આરોપી દશરથ વિરૂધ્ધ આઈ.પી.સી. કલમ ૨૨૪ મુજબ ફરિયાદ નોંધાવી હતી. સમગ્ર બનાસકાંઠાની વિવિધ સ્પેશીયલ પોલીસ ટીમો તેને શોધવા કામે લાગી છે.

તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં આર.એસ.એસ. કાર્યકરો ધ્વારા આર.એસ.એસ.ના સ્થાપક રાષ્ટ્રવાદી ડાં.કેશવ બલીરામ હેડગેવારની જન્મજયંતી અને વર્ષ પ્રતિપદા ઉત્સવ, યુગાબ્દ વર્ષની ઉજવણી નિમિત્તે રેલીનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા આર.એસ.એસ. કાર્યકરોના જણાવ્યા મુજબ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સંપુર્ણ યુનિફોર્મમાં ખભે લાકડી ધારણ કરી ભિલોડા એન.આર.એ. વિદ્યાલયમાંથી રેલી કાઢી ભિલોડાનગરમાં બ્રહ્મણ કરી પુનઃ ભિલોડા એન.આર.એ. વિદ્યાલયના પટ્ટાંગણમાં રેલીનું સમાપન કરાયું હતું. ઉર્જીતભાઈ શુકલએ પ્રાસંગિક પ્રવચન આપેલ હતું. ભિલોડામાં આર.એસ.એસ. કાર્યકરો ધ્વારા આર.એસ.એસ.ના સ્થાપક રાષ્ટ્રવાદી ડાં.કેશવ બલીરામ હેડગેવારની જન્મજયંતી અને વર્ષ પ્રતિપદા ઉત્સવ, યુગાબ્દ વર્ષની ઉજવણીના કાર્યક્રમને સફળ બનાવવા આર.એસ.એસ.ના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

પ્રાંતિજ તાલુકામાં ટી.ડી.ઓ. દ્વારા સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરાતા બે તલાટીનો નોટીસ

પ્રાંતિજ, તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ટીડીઓ દ્વારા તાલુકાના ગામોમાં ઓચિંતી તપાસ હાથ ધરતા ગુલીબાજ બે તલાટીઓ હાથ આવી જતા બે ને નોટીસ પાઠવવામાં આવી છે.

૨૬-૩-૨૦૧૫ને ગુરુવારના રોજ પ્રાંતિજ ટી.ડી.ઓ. ડી.ડી. મકવાણા દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં આવેલ પંચાયતો સહિતની સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરાતા બે ગુલીબાજ તલાટીઓ સ્થળ ઉપર હાજર ના હોવાથી તેમને નોટીસ પાઠવવામાં આવી હતી જેમાં પ્રાંતિજ તાલુકાના દલાની મુવાડીમાં તલાટી તરીકે ફરજ બજાવતા આર.વી. પરીખ તથા પ્રાંતિજ તાલુકાના વાઘરોટા ગામે તલાટી તરીકે ફરજ બજાવતા વી.જે. પરમાર આ બંને પોતાની ફરજ ઉપર ટીડીઓ દ્વારા સરપ્રાઈઝ ચેકીંગ દરમિયાન આ બંને તલાટીઓ સ્થળ હાજર ના હોવાથી બંનેને ટી.ડી.ઓ. દ્વારા નોટીસ પાઠવવામાં આવી છે જેથી અન્ય ગુલીબાજ તલાટીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

ચાણકય વિદ્યાલયમાં પૂર્વ તાલીમાર્થીઓનું અધિવેશન યોજાયું

શામળાજી, તા.૨૭

અરવલ્લી જિલ્લાની ચાણકય વિદ્યાલયમાં ભૂતપૂર્વ તાલીમાર્થી સંઘનો અધિવેશન ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દાઉદભાઈ ઘાંચીના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો વર્ષ ૧૯૬૮માં આ ભૂતપૂર્વ તાલીમાર્થી સંઘની સ્થાપના થઈ હતી અને છલ્લા ૪૩ વર્ષથી ભૂતપૂર્વ તાલીમા સંચાલિત આ પ્રસંગે 'ઓસા' ડૉ. દાઉદભાઈ ઘાંચી શૈક્ષણિક સંશોધન કેન્દ્રનું મુખપત્ર અંકનું વિમોચન સાથે સાથે મોડાસા બી.એડ. કોલેજના ગ્રંથપાલ કિશોરભાઈ શુકલ નિવૃત્તિ સન્માન અને તેમના દ્વારા નવી લખાયેલી સંકલિત પુસ્તિકા 'વરેણ્યવિશેષણો'નું વિમોચન ડૉ. ઘાંચી અને ડૉ. અરૂણભાઈ શાહના શાળાકીય શિક્ષણ જગતના અન્ય હોદ્દેદારોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. ડૉ. શાહે જણાવ્યું હતું કે કિશોરભાઈ સમૂચિત રીતે એન્સાઈકલોપીડીયા ઓફ લાઈબ્રેરી ગણાવ્યા હતા. ઉલ્લેખનીય એ છે કે બી.એડ. કોલેજ મોડાસામાં સાબરકાંઠા, અરવલ્લી, ખેડા, પંચમહાલ, મહીસાગર જિલ્લાના વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા અને જેના કારણે આ ભૂતપૂર્વ તાલીમાર્થી સંઘ છેલ્લા ૪૭ વર્ષથી કાર્યરત હોવાના કારણે ૫ હજાર ઉપરાંત ભૂતપૂર્વ તાલીમાર્થીઓ આ સંઘનો લાભ લઈ રહ્યા છે.

ખેડબ્રહ્મા નગરપાલિકાને ૬૦ લાખના સાધનો ફળવાયા

ખેડબ્રહ્મા નગરપાલિકામાં હાલમાં ભૂગર્ભ ગટર યોજનાનું કામ પૂરજોશમાં ચાલુ છે. જે પૂર્ણ થયેથી ભૂગર્ભ ગટર યોજના કાર્યરત થશે તેની સફાઈ માટે આધુનિક સાધનોની જરૂરીયાતને ધ્યાને લઈ સરકાર દ્વારા બુધવારે ખેડબ્રહ્મા નગરપાલિકાને મલ્ટીપર્પઝ જેટીંગ મશીન, સકસન કમ જેટીંગ મશીન તથા ડીસીલ્ટીંગ મશીન જેવા મશીનો અંદાજીત રૂ. ૬૦ લાખની કિંમતના સાધનો નગરપાલિકાના ચીફ ઓફીસર હરીશ અગ્રવાલ, પ્રમુખ વિનોદભાઈ પટેલ કારોબારી ચેરમેન, સદસ્યો તથા સ્ટાફની ઉપસ્થિતિમાં પૂજા વિધિ કરી નગરપાલિકાને સોંપવામાં આવ્યા હતા. (તસવીર : રમેશ વૈષ્ણવ)

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ઉ. યુનિ. આંતરકોલેજ ક્રિકેટ ટુર્નામેન્ટમાં પાલનપુર કોલેજની ટીમ ચેમ્પિયન

ઉત્તર ગુજરાતની હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીની આંતર કોલેજ ક્રિકેટ ટુર્નામેન્ટમાં પાલનપુરની સાયન્સ કોમર્સ કોલેજની ટીમ ચેમ્પીયન બની પાલનપુરનું ગૌરવ વધાર્યું હતું. ડીસા ખાતે આયોજીત આંતર કોલેજ ક્રિકટ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ તલોદ કોલેજ અને પાલનપુર કોલેજ વચ્ચે યોજાઈ હતી. જેમાં પાલનપુરની ટીમે ૨૨૮ રન નોંધાવ્યા હતા અને સામે જીત માટે ઉતરેલી તલોદ કોલેજની ટીમ ૧૬૨ રને ઓલ આઉટ થઈ ગઈ હતી. જેમાં પાલનપુર કોલેજનો વિજય થયો હતો. ખેલાડીઓની આ સિધ્ધી બદલ આચાર્ય યોગેશ ડબગર અને એમ.બી. હાથીએ અભિનંદન પાઠવ્યા હતા.

હિંમતનગરમાંથી સગીરાનું અપહરણ થતા ફરિયાદ

સાબરકાંઠા જિલ્લાના મહાવીરનગર વિસ્તારની એક સોસાયટીમાંથી બુધવારે બપોરે એક સગીરાનું એક યુવક અપહરણ કરી લઈ જતા હિંમતનગર એ-ડીવીઝન પોલીસમથકે યુવક વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. આ અંગેની વિગત એવી છે કે હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ આશાપુરા સોસાયટીમાં ૨૦ નંબરમાં રહેતા રમીલાબેન ગજેન્દ્રભાઈ ભગોરા (મૂળ રહે. કણાદર તા. વિજયનગર)ના ઘરે રહેતી તેમની ભત્રીજી કિનરબેન રણજીતભાઈ ડામોર (ઉ.વ.૧૬)ને બુધવારે બપોરે ૧૨.૪૦ વાગેના સુમારે વિજયનગર તાલુકાના લીમડા ગામનો યુવક મેહુલ ઉર્ફે બીટ્ટુભાઈ દાડમભાઈ પાંડોર આવીને લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે સગીરાનું અપહરણ કરીને લઈ ગયેલ.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD
Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ડીસાથી ભીલડી રોડ પર વહેપારી લુંટાયો : પોલીસ ફરિયાદ નોંધાઈ

ડીસા, તા.૨૭

ડીસથી ભીલડી જતાં રોડ પર માલગઢ ગામ નજીક એક લુંટનો સનસનીખેજ બનાવ નોંધાયો છે. જેમાં મોટરસાયકલ પર આવેલા અજાણ્યા લુંટારુંઓએ મોડી રાત્રીનો લાભ લઈ વહેપારીની આંખમાં મરચાંની ભૂકી નાંખી રોકડ રૂપિયા ૩૫૯૫૦ લુંટી લીધા હતા. આ મામલે ડીસા તાલુકા પોલિસે લુંટનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

આ અંગેની મળતી વિગતો જોઈએ તો ડીસાના માલગઢ ગામે રહેતા કિશોરકુમાર બાબુલાલ દવે ગત મોડી રાત્રે પોતાની દુકાનથી ઘરે પરત આવતા હતા તેવા સમયે ભીલડી જતા મુખ્ય હાઈવેના સર્વિસ રોડ પર સામેથી મોટર સાયકલ પર સવાર થઈ બે અજાણ્યા ઈસમોએ આવી તેમને રોકયા હતાં.

જે બાદ આ અજાણ્યા લુંટારાઓએ પીડીત કિશોરભાઈની આંખમાં મરચાંની ભૂકી નાંખી હતી. અને તેમના હાથમાં રહેલ દુકાનના વકરાની રકમ ૩૫,૯૫૦ ની લૂંટ ચલાવી હતી. લૂંટ કરી આ અજાણ્યા ઈસમો રાત્રીના અંધકારનો લાભ લઈ રફુચક્કર થઈ ગયા હતા જે બાદ આ મામલે ફરિયાદી કિશોરભાઈ દવેએ ડીસા તાલુકા પોલિસ મથકે ફરિયાદ આપતા પોલિસે લુંટની ફરિયાદ દાખલ થઈ ભાગી છુટેલા આરોપીને ઝડપવા દોડધામ સાથે ઘનિષ્ઠ તપાસ હાથ ધરેલ છે.